ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૨૩૨ તારીખ ૦૧-૦૬-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા







# **ઓઈલ ઈન્ડિયા**ના શેરમાં ભાવ તૂટવાની ગણતરી

ગયા અંકમાં નફો કરવો છેમાં રૂ. ૭૩૩ના ભાવે મળતો **એલએન્ડટી ઈન્ફોટેક**નો શેર લઈ લેવાનું કહ્યું હતું અને તેમાં રૂ. ૭૬૩ થશે તેમ પણ કહ્યું હતું અને જેમણે લીધાં તેમનું પત્તું દોડી ગયું. રૂ. ૭૭૩નો ભાવ ગયા અઠવાડિયે જ આ શેરે બતાવી દીધેલો અને તેમાં નફો બુક કરી લેવો.

ગયા અઠવાડિયે અદાણી જોડીમાં પૈસા મળશે તેવી વાત કરેલી અને તેમાં ખાસ કરીને **અદાણી ટ્રાન્સમિશન**ના રૂ. ૮૯વાળા શેરમાં દાખલ થઈ જવાનું અને તે શેરમાં રૂ. ૧૦૦નો ભાવ જોવા મળશે તેમ સ્પષ્ટ રીતે દર્શાવેલું અને સહેજ સલામતીની રીતે અમે તો ૩-૪ અઠવાડિયાની વાત કરેલી, પરંતુ ખેલાડીઓએ આ શેરને વધારે ઝડપથી દોડાવી દીધો અને અદાણી ટ્રાન્સમિશન અત્યારે શુક્રવારના ઘટાડા પછી પણ રૂ. ૧૦૫ ઉપર ચાલી રહ્યો છે અને હવે તેને વહેતો મૂકો અને આ અઠવાડિયે બીજા શેરો ઉપર ફોકસ કરી દઈએ.

શોર્ટટર્મ એંગલથી **સાઉથ ઈન્ડિયન બેન્ક**નો શેર મને ખૂબ ગમે છે અને કદાચ અનેક વખત તમે વાંચ્યું હશે કે ફંડામેન્ટલ રીતે તો આ શેર માટે રૂ. ૪૦નો ભાવ જ યોગ્ય છે. થોડાં દિવસો પહેલાં જ દબાવીને લેવામાં રૂ. ૨૦ આસપાસના ભાવે લેવડાવેલો. અત્યારે રૂ. ૨૬.૨૫ થયો છે. એટલે કે થોડાં દિવસમાં જ તમને ૩૦ ટકાનું રિટર્ન મળી ગયું પરંતુ આગામી દિવસોમાં સાઉથ ઈન્ડિયન બેન્કમાં સારા સમાચારો ડ્યુ છે. છોકરું આવશે કે કેમ તે તો ખબર નથી પરંતુ તેનું સગપણ થઈ જવાનું તેમ લાગે છે અને રૂ. ૨૬.૨૫વાળો સાઉથ ઈન્ડિયન આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૯ થઈ જશે તે નક્કી છે. સંબંધ બાંધી દેજો તો લગ્નમાં આઈસ્ક્રીમ તો ખાવા મળી જશે.

રૂ. ૧૬૬ થઈ ગયેલા **કર્ણાટક બેન્ક**ના શેરમાં પણ ધ્યાન રખાય. અગાઉ વાત આવેલી કે કોટક બેન્કને કર્ણાટક બેન્ક ખરીદી લેવામાં રસ છે. ફંડામેન્ટલનો પણ મજબૂત સપોર્ટ આ શેરને મળી ગયો છે અને તેથી થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૧૭૬-૧૭૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

રૂ. ૨૦૭ ઉપર આવી ગયેલા **ઈન્ડિયા સિમેન્ટ**ના શેરમાં ભાવ ઝડપથી વધવાની ગણતરી. અગાઉ અનેક વખત તમને કહ્યું છે કે કંપનીના પ્રમોટર સટ્ટાના જોરદાર શોખીન લાગે છે. એક સમયે આઈપીએલના વડા હતા અને કોર્ટ દ્વારા તેમને આઈપીએલમાંથી મુક્ત કરી દીધા એટલે હવે સટ્ટો પોતાના શેરમાં ચલાવતા હોય તે સંભવ છે. રૂ. ૨૦૭વાળો આ શેર આવતાં થોડાં દિવસોમાં વધીને રૂ. ૨૨૭ થઈ જાય તોપણ નવાઈ નહીં લાગે.

## **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ**ના શેરમાં અત્યારે આકર્ષણ

ગયા અઠવાડિયે પણ **પેટ્રોનેટ**ના શેરમાં કરંટની વાત કરી હતી અને પેટ્રોનેટ અત્યારે રૂ. ૪૪૮ ઉપર આવી ગયો છે અને આવતાં થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૪૭૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

રિયલ એસ્ટેટ રેગ્યુલેટરિ એક્ટ આવવાને કારણે વ્યવસ્થિત રિયલ એસ્ટેટ કંપનીઓના શેરોમાં આકર્ષણ વધ્યું છે અને તે પાછળ આગામી દિવસોમાં રૂ. ૨૦૭ થયેલો **ડીએલએફ** ઝડપથી રૂ. ૨૨૭ થઈ જાય તે સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ રૂ. ૪૮ના ભાવે મળી રહેલા **બેડમુથા**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે અને રોકડાનો આ શેર આવતાં થોડાં દિવસોમાં તમને રૂ. ૫ની નોટ આપી જાય તે સંભાવના મજબૂત છે.

**જીએમડીસી** છેલ્લાં ઘણાં સમયથી લેવડાવીએ છીએ. અમને તો યાદ છે કે થોડાં વર્ષો પહેલાં જીએમડીસી રૂ. ૨૦૦ના ભાવે પણ મફત કહેવાતો હતો અને તે સમયે ગૌતમભાઈ અદાણીને આ કંપની પધરાવી દેવાશે તેવી વાતો પણ ચાલતી હતી. હવેના તબક્કે ગૌતમભાઈને આ શેરમાં રસ પડે કે કેમ તે અલગ વાત છે પરંતુ ખેલાડીઓને રૂ. ૧૩૬વાળા આ શેરમાં એકદમ રસ પડી ગયો છે અને અમારી વાત માનીને ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેજો. ગૌતમભાઈ કંપની ના લે અને અમારી વાત માનીને ૫૦૦૦૦-૧૦૦૦૦૦ શેર લેશે તો પણ કમાવાના. રૂ. ૧૩૬વાળો આ શેર આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૫૬ થઈ જવાનો તે પણ નક્કી છે.

અમદાવાદની **ઋષિલ ડેકોર** અત્યારે રૂ. ૭૪૪ ઉપર ચાલે છે. ફંડામેન્ટલનો સપોર્ટ છે કે કેમ તે ભગવાન જાણે પરંતુ ખેલાડીઓ સક્રિય થયા છે અને તેથી રૂ. ૭૭૭નો ભાવ પાડી દે તે સંભાવના છે. દસેક શેરનું કામ જ કરવું.

કેવળ રૂ. ૧૬.૪૦ના ભાવે મળી રહેલો **એમએસપીએલ**નો શેર પણ લઈને મૂકી દેવાય. આ શેરમાં પણ ફંડામેન્ટલની અમારી કોઈ ગણતરી નથી. પરંતુ રૂ. ૪-૫નું રિટર્ન આપી જવાની સંભાવના મજબૂત છે અને તેવી જ રીતે **ઓરિએન્ટ ટ્રાઈમેક્સ**નો રૂ. ૧૬.૪૫વાળો શેર પણ ઝડપથી રૂ. ૩-૪નું રિટર્ન આપી જાય તે સંભાવના મજબૂત છે.

ઓટો એન્સિલરી સેક્ટરમાં સૌથી મજબૂત કંપની **મધરસન સુમી**નો રૂ. ૪૨૪વાળો શેર લઈને મૂકી દેજો. ગણી ના શકાય એટલી બધી પ્રોડક્ટોનું ઉત્પાદન આ કંપની અને તેની પેટા કંપનીઓ કરી રહી છે અને અત્યારે રોજનું ૨૦ લાખ શેરોનું જંગી વોલ્યુમ આ કાઉન્ટર ઉપર છે. ઓટો સેક્ટરની તેજીનો ફાયદો મધરસનસુમીને મળશે અને આવતાં થોડાં દિવસોમાં જ રૂ. ૪૨૩વાળા શેરમાં બીજાં રૂ. ૫૦ મળી જાય તેવી ગણતરી છે.

રૂ. ૧૪૦૦વાળા **અવંતીફીડ**ના શેરમાં હવે નફો બુક કરતાં જવું સલાહભરેલ. શેર સારો એવો ચાલી ગયો છે અને તેથી ચાન્સ ના લેવાય.

રૂ. ૧૨૬૧ના ભાવે મળી રહેલા **એપોલો હોસ્પિટલ**ના શેરમાં પણ આગામી દિવસોમાં ભાવ ઝડપથી વધવાની ગણતરી છે અને આવતાં થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૫૦ની નોટ મળી જાય તે સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ એંગલથી **કાયા સિલ્ક**ના રૂ. ૧૦૧૯વાળા શેર ઉપર ફોકસ કરી શકાય. મેરીકોવાળાની આ કંપની મોટા નુકસાનમાં હતી તેથી તેને અલગ કરી નાંખેલી. નુકસાનમાંથી બહાર આવી કે કેમ તે તો ભગવાન જાણે પરંતુ મુંબઈના ખેલાડીઓને આ શેરમાં રસ પડી ગયો છે અને તેથી આગામી દિવસોમાં શેર ઝડપથી વધવાની સંભાવના છે.

તેવી જ રીતે રૂ. ૬૪૦વાળા **એસ્કોર્ટ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. જૂનાં વાંચકોને યાદ હશે કે છેક રૂ. ૬૬ના ભાવે આ શેર લેવડાવતા હતા અને તે વખતે રૂ. ૧૩૩ના ભાવનું લક્ષ્યાંક આપતા હતા. પરંતુ જાણે આખો યુગ જ બદલાઈ ગયો અને શેર અત્યારે રૂ. ૬૪૦ થઈ ગયો છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૬૬૬નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

**વોલટેમ્પ ટ્રાન્સફર્મર**ના રૂ. ૧૨૮૪વાળા શેરમાં પણ આગામી દિવસોમાં ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે અને શેર ઝડપથી વધીને રૂ. ૧૦૦ની નોટ આપી જાય તે સંભાવના દેખાય છે.

આ તબક્કે રૂ. ૧૦૬૦વાળા **મોતિલાલ ઓસવાલ**ના શેરમાં પણ જોરદાર આકર્ષણ છે. કમાણીની સરખામણીમાં તો આ શેર રૂ. ૧૦૬૦ના ઉંચા ભાવે ચાલી રહ્યો છે અને તેમ છતાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦૦ની નોટ આ શેરમાં મળી જવાની ગણતરી છે.

રૂ. ૧૧૧૨ના ભાવે **ઈમામી**ના શેરમાં પણ જોરદાર આકર્ષણ છે અને આગામી દિવસોમાં ઈમામી ઝડપથી વધીને રૂ. ૧૧૭૪ ઉપર આવી જવાની ગણતરી. થોડાંક દિવસોમાં જ રૂ. ૫૦ની નોટ મળી જાય તે સંભાવના મજબૂત છે.

રૂ. ૧૭૮૨ થઈ ગયેલા **સિએટ**ના શેરમાં પણ વધારે નહીં તો ૫ શેર લઈને મૂકી દેવાય અને આવતાં થોડાં દિવસોમાં જ સિએટમાં રૂ. ૨૦૦ની નોટ મળી જાય તે સંભાવના મજબૂત છે.

અન્ય મિડકેપ શેરોમાં બેન્ક શેરો કવર કરતા જવાય અને તેમાં રૂ. ૧૭૮ના ભાવે **બેન્ક ઓફ ઈન્ડિયા**નો શેર ખાસ ધ્યાન ખેંચે છે. આગામી દિવસોમાં બેન્ક ઓફ ઈન્ડિયાના શેરમાં ગયેલા **આઈડીબીઆઈ**ના શેરને પણ આવતાં થોડાં દિવસોમાં તોડીફોડીને રૂ. ૬૪-૬૨ ઉપર લાવી દેવાય તે સંભાવના મજબૂત છે અને તે જ પ્રમાણે **જયપ્રકાશ એસોસિએટ્સ**ને રૂ. ૧૨.૪૫ ઉપર લાવી દેવાયો અને આગામી દિવસોમાં આ શેરને વધારે ઘટાડીને રૂ. ૧૧ સુધી નીચો લાવી દેવાય તોપણ નવાઈ નહીં લાગે.

**એપોલો ટાયર્સ** અત્યારે રૂ. ૨૩૪ ઉપર આવી ગયો છે અને તે શેરમાં ખાસ ઘટાડાની જગ્યા નથી દેખાતી. રોકાણ હોય તો જાળવી રખાય અને હવેના તબક્કે આ શેરમાં રૂ. ૨૪૪નો ભાવ આવવાની ગણતરી છે.

શોર્ટટર્મ એંગલથી રૂ. ૧૫૨૬ના ભાવના **એબીબી**ના શેરમાં ફોકસ કરી શકાય. કમાણીની સરખામણીમાં તો એબીબીનો ભાવ ઘણો ઉંચો છે અને તેમ છતાં શોર્ટટર્મમાં રૂ. ૧૫૪૬-૧૫૫૬ના ભાવની જગ્યા છે.

**એલઆઈસી હાઉસિંગ**નો શેર છેલ્લાં ઘણાં સમયથી સતત લેવડાવીએ છીએ. એલઆઈસી હાઉસિંગ અત્યારે રૂ. ૬૮૩ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં ઝડપથી વધીને રૂ. ૭૦૦નું લેવલ ટચ કરી નાંખશે તે સંભાવના દેખાય છે.

રૂ. ૪૩૫ના ભાવે **ઈન્ડિયન ઓઈલ**ના શેર ઉપર બરાબર ફોકસ રાખજો. ભારત સરકારની આ કંપની માર્ચ ક્વાર્ટરમાં જોરદાર નફો બતાવશે અને તેનાથી પણ જોરદાર નફો જૂન ક્વાર્ટરમાં આવવાનો છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦૦ની નોટ આપી જશે તેપણ નક્કી છે.

રૂ. ૧૧૯૮ના ભાવે **કન્ટેનર કોર્પોરેશન**નો શેર લઈને મૂકી દેવાય. એમ જોઈએ તો ભારત સરકારના બધાં સાહસોમાં આકર્ષણ વધતું જાય છે અને રૂ. ૧૧૯૮ ઉપર આવી ગયેલા કન્ટેનર કોર્પોરેશનમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૦ વધી જવાની ગણતરી છે.

**એનએમડીસી**નો શેર મંદીના સુધી લાવી દેવાય તેવી ગણતરી છે. તેવી જ રીતે અત્યારે રૂ. ૫૨૧ ઉપરના **એચપીસીએલ**ના શેરમાં પણ શેરને તોડવાનું મન મુંબઈના ખેલાડીઓને થયું છે. એચપીસીએલમાં પણ ફંડામેન્ટલ રીતે કોઈ કારણ નથી પરંતુ મુંબઈના અવળચંડા ખેલાડીઓ એક વખત રૂ. ૫૨૧વાળા આ શેરને રૂ. ૫૦૦ની નીચે લાવી દેશે તે નક્કી છે અને તેથી અગાઉ જેમણે લેવાનો ચાન્સ ખોયો છે તેઓ ઘટાડાના આ ટ્રેન્ડને ધ્યાનમાં રાખે.

**ઈન્ડિગો એરલાઈન્સ**માં અત્યારે ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. નફો પણ કોઈ દમ વગર આવ્યો અને તે પાછળ રૂ. ૧૦૬૪ થઈ ગયેલા આ શેરમાં શોર્ટટર્મ ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને ભાવ રૂ. ૧૦૩૫-૧૦૩૪ બતાવી દેવાય તે સંભાવના વધારે છે.

**વેદાંતા**ના શેરમાં શોર્ટટર્મ નબળાઈનો ટ્રેન્ડ શરૂ થયો છે. એમ જોઈએ તો અત્યાર સુધી કંપનીના માલિકોને વેદાંતા અને કેઈર્ન એનર્જીનું મર્જર કરાવવું હતું અને તેમાં આપણી જરૂર પડે તે એંગલથી ભાવને ચલાવ્યો હોય તે માની શકાય પરંતુ હવે ગરજ પતી વૈદ્ય વેરી અને તે મુજબ રૂ. ૨૩૦ તો લાવી દીધો અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૧૫ અને તે પછી રૂ. ૨૧૦નો ભાવ લાવી દે તોપણ આપણે જોયા કરવાનું.

શોર્ટટર્મ એંગલથી **ભારત ઈલેક્ટ્રોનિક્સ**ના રૂ. ૧૭૪વાળા શેરમાં નબળાઈનો તબક્કો શરૂ થયો છે અને આગામી દિવસોમાં રૂ. ૫-૧૦ ઘટી જવાની ગણતરી છે.

**ટોરન્ટ ફાર્મા**ના શેરમાં પણ અત્યારે ભારોભાર નબળાઈ દેખાય છે. રૂ. ૧૨૯૦વાળો શેર આગામી દિવસોમાં ઝડપથી તૂટે અને રૂ. ૫૦ની નોટ ઉડી જાય તે સંભાવના મજબૂત છે.

રૂ. ૧૦૪૦વાળા **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ**ના શેરમાં અત્યારે આકર્ષણ દેખાય છે અને તે શેરમાં રોકાણ જાળવી શકાય.

રૂ. ૨૮૩૪ના ઉંચા ભાવે મળી રહેલા **પિરામલ એન્ટરપ્રાઈસ**ના શેરમાં ફોકસ રાખજો. એમ પણ પોતાનો મુખ્ય ધંધો વેચી નાંખ્યા પછી પિરામલ શેઠ તિજોરી ભરચક રાખીને બેઠા છે અને કદાચ આવતાં થોડાં દિવસોમાં કોઈક સારા સમાચાર લાવે અને કોઈક ટેકઓવર કરી નાંખે તો નવાઈ નહીં લાગે. રૂ. ૨૮૩૪વાળા આ શેરમાં ઝડપથી રૂ. ૨૯૦૦ની સંભાવના દેખાય છે.

**ગોદરેજ કન્ઝ્યુમર** રૂ. ૨૮૦૨ ઉપર આવી ગયો અને આગામી દિવસોમાં આ શેરમાં અન્ય એફએમસીજી શેરોની સાથે સાથે ધીમા સુધારાની જગ્યા છે.

રૂ. ૨૪૫ના ભાવે **અજમેરા રિયાલ્ટી**ના શેરમાં આકર્ષણ વધ્યું છે. વધારે નહીં તો ૧૦ શેરનું કામ કરી દેવાય અને થોડાં દિવસોમાં રૂ. ૨૬૫નો ભાવ જોવા મળવાની સંભાવના છે.

પ્લાયવુડ બનાવતી **આર્કિડ પ્લાય**નો શેર અત્યારે રૂ. ૮૩ આસપાસ આવી ગયો છે અને નફાનો મજબૂત સપોર્ટ ધરાવતી આ કંપનીમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

અગાઉ **એવરેસ્ટકાંતો સિલિન્ડર** એવું લાંબું નામ ધરાવતી **ઈકેસી**નો શેર અત્યારે રૂ. ૩૫.૮૦ ઉપર છે. એમ જોઈએ તો બેલેન્સશીટમાં ખાસ કોઈ દમ નથી તેમ છતાં રૂ. ૩૫.૮૦વાળા આ શેરમાં ઝડપી ફરનારને રૂ. ૫ની નોટ મળી જવાની ગણતરી છે.

મધરસનસુમીની જેમ **ઓટો એક્સલ**ના શેરમાં આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૭૩૨ ઉપર છે અને આવતાં થોડાં અઠવાડિયામાં આ શેરમાં રૂ. ૧૦૦ની નોટ મળી જવાની સંભાવના મજબૂત છે.

**કેપલિન પોઈન્ટ**નો શેર થોડાં દિવસો પહેલાં લઈ લેવાનું કહ્યું હતું અને મજબૂત વૃદ્ધિ સાથે રૂ. ૧૮૮-૧૯૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

રૂ. ૩૬૭ના ભાવે **કેનેરા બેન્ક**ના શેરમાં પણ આકર્ષણ જોરદાર છે અને થોડાં દિવસો માટે તે શેરમાં ફોકસ કરી શકાય.

ગયા અઠવાડિયે **ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ**નો શેર પકડી લેવાનું કહ્યું હતું અને ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ અત્યારે વધીને રૂ. ૫૭૮ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં તે શેરમાં રૂ. ૫૯૮ના ભાવની ગણતરી છે.

મંદીના ખેલાડીઓ માટે મિડકેપ શેરોમાં **બાયોકોન** ખાસ ધ્યાન ખેંચે છે. ફંડામેન્ટલ ઘણાં સુંદર હોવા છતાં આ શેરમાં અત્યારે શોર્ટટર્મ ખેલાડીઓ ભાવ તોડવા ઉપર ફોકસ કરી રહ્યા છે. રૂ. ૯૭૯ બંધ આવ્યો છે અને આવતાં થોડાં દિવસો આ શેરને વધારે તોડીને રૂ. ૯૫૫ અને તે પછી રૂ. ૯૨૮ સુધી ઉતારી દેવાય તોપણ નવાઈ નહીં લાગે અને તેવી જ રીતે **જૈન ઈરિગેશન**ના શેરને પણ શોર્ટટર્મ ખેલાડીઓએ બરાબર છાપરા ઉપર ચડાવેલો અને હવે તેને ધક્કો મારીને નીચે ને નીચે લાવી દેવા તત્પર છે. જૈન ઈરિગેશન અત્યારે રૂ. ૯૨.૯૦ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં તેને તોડીને રૂ. ૮૫ ઉપર લાવી દેશે તેપણ નક્કી છે.

રૂ. ૬૮.૭૫ના ભાવે આવી ખેલાડીઓની પક્કડમાં છે અને તેમાં ભાવ તૂટશે તેમ દર્શાવેલું. ભાવ વધારે ઘટીને રૂ. ૧૨૩ ઉપર આવી ગયો છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૧૮નું લેવલ પણ તોડી નાંખશે તેપણ નક્કી છે. પરંતુ જેઓ ઈન્વેસ્ટમેન્ટની રીતે આ શેર ધરાવે છે તેમને કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

**ટાઈટન**માં અત્યારે શોર્ટટર્મ નબળાઈનો તબક્કો છે અને રૂ. ૪૭૧વાળો શેર આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦-૧૫ ઘટે તેવી સંભાવના દેખાય છે. પરંતુ ફંડામેન્ટલ અને લોંગટર્મ એંગલથી જેમણે રોકાણ કર્યું છે તેમને માટે ચિંતાનું કોઈ કારણ નથી.

**ડિવિઝ લેબોરેટરી**માં ગયા અંકમાં રૂ. ૨૦ કપાઈ જશે તેમ કહ્યું હતું. ડિવિઝ લેબોરેટરી ગયા અંક વખતે રૂ. ૬૨૫ ઉપર હતો અને અત્યારે ઘટીને રૂ. ૬૧૧ ઉપર આવ્યો છે અને તેમાં એક વખત રૂ. ૬૦૦નો ભાવ તૂટવાનો તે પણ નક્કી વાત છે અને તેથી તે મુજબ વ્યૂહરચના લેવી.

શોર્ટટર્મ એંગલથી રૂ. ૩૧૬વાળા **ઓઈલ ઈન્ડિયા**ના શેરમાં ભાવ તૂટવાની ગણતરી છે. ફંડામેન્ટલ રીતે કોઈ જ કારણ નથી. નફો જોરદાર આપશે પરંતુ તે પહેલાં રૂ. ૩૧૬વાળા આ શેરને તોડીને એક વખત રૂ. ૩૦૦

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

## PRATIKSHA CHEMICALS LIMITED

REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007

CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in

PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31.03.2017** (Rs. In Lacs)

| Sr. No | PARTICULARS | Quarter ended on 31st March,2017 | For the year ended on 31st March, 2017 | Corresponding 3 Months Ended on 31st March,2016 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 340.36 | 1,273.00 | 275.83 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (5.98) | 5.21 | (6.75) |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | (5.98) | 5.21 | (6.75) |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | (5.52) | 6.15 | (6.75) |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | - | - | - |
| 6 | Equity Share Capital | 557.03 | 557.03 | 557.03 |
| 7 | Reserces ( excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of Previous Year | (285.20) | (285.20) | - |
| 8 | Earnings Per Share ( of Rs. / - each ) (for continuing and discontinued operations) | (0.10) | 0.11 | (0.12) |
| | Basic : | (0.10) | 0.11 | (0.12) |
| | Diluted : | (0.10) | 0.11 | (0.12) |

**Notes:**

1.The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website www.pratikshachemicals.in

2. The result of the Quarter ended on 31ST March, 2017 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 30, May,2017.

BY ORDER OF THE BOARD OF DIRECTORS
FOR, PRATIKSHA CHEMICALS LIMITED
SD/-
MR. JAYESH PATEL
(DIN: 00401109)

Place : Ahmedabad
Date : 30-05-2017

## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905

Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810

Phone No.079-26427800 FAX No.079-26421864

Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

**Extract of Standalone Audited Financial Results for the Quarter and Year Ended 31st March, 2017** (Rupees in Lacs)

| PARTICULARS | Quarter Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|
| | March 31, 2017 (Audited) | Dec 31, 2016 (Unaudited) | March 31, 2016 (Audited) | March 31, 2017 (Audited) | March 31, 2016 (Audited) |
| Total income from operations (gross) | 1,003.80 | 871.97 | 861.34 | 3,456.27 | 3,779.11 |
| Net Profit/(Loss) from ordinary activities after taxes | 40.59 | 33.33 | 23.35 | 128.25 | 182.44 |
| Net Profit/(Loss) for the period after taxes (after Extraordinary items) | 40.59 | 33.33 | 23.35 | 128.25 | 182.44 |
| Equity Share Capital (Paid-up) | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 |
| Reserves excluding revaluation reserve | | | | 80.72 | (47.53) |
| Earnings per share of before and after extraordinary items (Not annualized) | | | | | |
| (a) Basic (Rs) | 0.18 | 0.15 | 0.11 | 0.58 | 0.83 |
| (b) Diluted (Rs) | 0.18 | 0.15 | 0.11 | 0.58 | 0.83 |

**Notes :**

1. The quarterly and yearly audited results were reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 30th May, 2017.

2. The above is an extract of the detailed format of the audited financial results for the quarter and year ended March 31, 2017, filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the audited financial results for the quarter and year ended March 31, 2017 is available under Investors section of our website at www.polylinkpolymers.com and under Financial Results at Corporates section of www.bseindia.com.

3. The Ind AS as prescribed vide Section 133 of the Companies Act, 2013 read with Companies (Accounting Standards) Rules 2015 is not applicable to the Company for the financial year under report.

For, Polylink Polymers (India) Limited
Sd/-
U.S. BHARTIA
CHAIRMAN
DIN : 00063091

Place : Noida
Date : 30th May , 2017

## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989

Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445

Tel : 25897221-22-23, Fax: 25834292

Email : accounts@dynaind.com Website : www.dynaind.com

***EXTRACT OF STANDALONE& CONSOLIDATEDAUDITED/UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/YEAR ENDED ON 31ST MARCH, 2017*** (Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Standalone | | | Consolidated | |
|---|---|---|---|---|---|
| | Quarter Ended 31.03.2017 | Quarter Ended 31.03.2016 | Year Ended 31.03.2017 | Year ended 31.03.2017 | Year ended 31.03.2016 |
| *Total income from operations (net)* | 1152.81 | 810.93 | 4625.81 | 4629.28 | 3646.55 |
| *Net Profit / (Loss) from ordinary activities after tax* | 48.96 | 4.77 | 177.77 | 178.08 | 128.20 |
| *Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items)* | 48.96 | 4.77 | 177.77 | 178.08 | 128.20 |
| *Equity Share Capital (Face Value ' 10 Each)* | 302.85 | 302.85 | 302.85 | 302.85 | 302.85 |
| *Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)* | — | — | 1761.80 | 1761.40 | 1652.53 |
| *Earnings Per Share (before extraordinary items) (of ' 10 each)* | | | | | |
| *Basic* | 1.62 | 0.16 | 5.87 | 5.88 | 4.23 |
| *Diluted* | 1.62 | 0.16 | 5.87 | 5.88 | 4.23 |

***Notes:***

*1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).*

*2.The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 30th May, 2017.*

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Managing Director
DIN : 00536345

Date : 30th May, 2017
Place : Ahmedabad